**Extra No. 15**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]      WEDNESDAY, JANUARY 7, 2026 / PAUSHA 17, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-C

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**રાજ્ય ચૂંટણી આયોગ**

**આદેશ**

સચિવાલય, ગાંધીનગર, ૭મી જાન્યુઆરી, ૨૦૨૬

**નખત્રાણા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ**

**ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-નખત્રાણા-યુનિટ-૭-૦૧૨૦૨૬.**

૧. ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે)ની કલમ-૬ની પેટા કલમ ૪ થી નગરપાલિકાઓની તમામ ચૂંટણીઓની મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ની પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી કરવા જોગવાઈ છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (એમેડમેન્ટ) એક્ટ, ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવેલ છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં લગભગ અડધી  બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૫ થી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બિનઅનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (ગુજરાત-૧૭ ઓફ ૨૦૨૩)થી સુધાર્યા મુજબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ અંગે વોર્ડની સંખ્યા તથા બેઠકો (અનામત બેઠકો સહિત) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવે છે.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ KV 133 of 2022 NPL/452019/MLA-25/M, તા.૨૧-૦૯-૨૦૨૨ તથા GV/314 of 2025 UDUHD/EOM/e-file/18/2025/5039/M, તા.૦૪-૦૯-૨૦૨૫થી કચ્છ જિલ્લામાં નવીન નખત્રાણા નગરપાલિકાની રચના કરવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ ૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/343 of 2025 UDUHD/EOM/e-file/18/2022/0003/M, તા.૨૫/૦૯/૨૦૨૫થી સને-૨૦૧૧ની વસ્તી આધારે નખત્રાણા નગરપાલિકા માટે કુલ-૭ વોર્ડો અને કુલ-૨૮ બેઠકો નક્કી કરેલ છે. વિભાગે ઉક્ત જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ-૭ ની પેટા કલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીઓની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/343 of 2025 UDUHD/EOM/e-file/18/2022/0003/M, તા. ૨૫/૦૯/૨૦૨૫થી નક્કી થઇ આવેલ વોર્ડની સંખ્યા તથા બેઠકોની સંખ્યા અને અનામત બેઠકોની સંખ્યા ધ્યાને લઇને મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪(જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) અને તેમા વખતો વખત થયેલ સુધારાઓ ધ્યાને લઇ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહીં. આમ, છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને-૧૯૪૮ના સેન્સસ એક્ટ અન્વયે સને ૨૦૧૧ ના વસ્તી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નખત્રાણા નગરપાલિકાની કુલ વસ્તી ૨૫,૬૬૮ છે. જાહેરનામાં પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩,૬૬૭ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે વોર્ડ નં. ૧ થી ૭ ની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦% વધ/ઘટની મર્યાદાથી વધતી છે તથા ઘટતી છે.

૮. નિયમોના નિયમ-૩ ની જોગવાઇને ધ્યાનમાં રાખી શહેરના ૭ વોર્ડોનું આ સાથે અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખવામાં આવ્યુ છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે. તેમજ નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રીઓ માટે, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બિનઅનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોનાં ઉત્તરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ અપનાવવાનું થાય છે. મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો-૧૯૯૪ના નિયમ-૬ (ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓની વસ્તીની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉત્તરતા ક્રમ નક્કી કરી ઉત્તરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમા એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે તેમ નક્કી કરવામાં આવેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નખત્રાણા નગરપાલિકા માટે ૪ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે, જે પૈકી ૨ બેઠકો સ્ત્રી માટે અનામત રાખેલ છે.

૧૨. સને ૨૦૧૧ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નખત્રાણા નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસતિ તથા તેની ટકાવારી મુજબ ઉત્તરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | અનુસૂચિત જાતિની કુલ વસ્તી | વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | ૭ | ૪૦૩૭ | ૧૫૧૨ | ૩૭.૪૫ |
| ૨ | ૩ | ૪૦૮૯ | ૧૨૨૮ | ૩૦.૦૩ |
| ૩ | ૫ | ૩૦૮૨ | ૪૨૩ | ૧૩.૭૨ |
| ૪ | ૨ | ૪૧૭૭ | ૩૬૭ | ૮.૭૯ |
| ૫ | ૬ | ૪૧૦૩ | ૧૬૮ | ૪.૦૯ |
| ૬ | ૪ | ૩૦૭૯ | ૧૦૬ | ૩.૪૪ |
| ૭ | ૧ | ૩૧૦૧ | ૨૨ | ૦.૭૧ |
| **કુલ** | | **૨૫૬૬૮** | **૩૮૨૬** | |

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૭, ૩, ૫ અને ૨માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉત્તરતા ક્રમમાં ગોઠવતાં શક્ય હોય ત્યાં સુધી બેકી સંખ્યાના ઉત્તરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગના તા. ૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી નિયત થયેલ માપદંડોમાં નક્કી કરવામાં આવેલ છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ નં. ૩ અને ૨ માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૭ તથા ૫ માં નિયમોના નિયમ ૬ (ક) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

| વોર્ડ નંબર | બેઠક |
|---|---|
| ૭ | અનુસૂચિત જાતિ |
| ૩ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૫ | અનુસૂચિત જાતિ |
| ૨ | અનુસૂચિત જાતિ સ્ત્રી |

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિની કોઈ બેઠક નિર્ધારીત થયેલ નથી.

સને ૨૦૧૧ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની અનુસૂચિત આદિજાતિની વસ્તી ટકાવારી મુજબ ઉત્તરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | અનુસૂચિત આદિજાતિની કુલ વસ્તી | વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | ૭ | ૪૦૩૭ | ૧૦૨ | ૨.૫૩ |
| ૨ | ૪ | ૩૦૭૯ | ૩૬ | ૧.૧૭ |
| ૩ | ૬ | ૪૧૦૩ | ૨૫ | ૦.૬૧ |

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | અનુસૂચિત આદિજાતિની કુલ વસ્તી | વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી |
|---|---|---|---|---|
| ૪ | ૨ | ૪૧૭૭ | ૨૫ | ૦.૬૦ |
| ૫ | ૩ | ૪૦૮૯ | ૧૭ | ૦.૪૨ |
| ૬ | ૫ | ૩૦૮૨ | ૫ | ૦.૧૬ |
| ૭ | ૧ | ૩૧૦૧ | ૦ | - |
| **કુલ** | | **૨૫૬૬૮** | **૨૧૦** | |

શહેરી વિકાસ વિભાગના તા. ૨૫-૦૯-૨૦૨૫ના જાહેરનામામાં નખત્રાણા નગરપાલિકામાં અનુસૂચિત આદિજાતિ માટે કોઇ બેઠક નિર્ધારીત થયેલ ન હોઇ અનુસૂચિત આદિજાતિ માટે કોઇ બેઠક ફાળવવાની-અનામત રાખવાની થતી નથી.

૧૭. જાહેરનામા અન્વયે ૮ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૪ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તી હોય તે વોર્ડોમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારીના ઉત્તરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થતી હોય છે. તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય છે.

૧૮. જાહેરનામા અન્વયે નખત્રાણા નગરપાલિકાની ૮ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૮ બેઠકો પૈકી ૪ બેઠકો પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. નખત્રાણા નગરપાલિકાના સૂચિત ૭ વોર્ડોને વોર્ડોની પછાતવર્ગની અંદાજીત વસ્તીની ટકાવારીના ઉત્તરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી | વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | ૩ | ૪૦૮૯ | ૧૫૮૦ | ૩૮.૬૪ |
| ૨ | ૭ | ૪૦૩૭ | ૧૩૯૧ | ૩૪.૪૬ |
| ૩ | ૨ | ૪૧૭૭ | ૧૩૩૫ | ૩૧.૯૬ |
| ૪ | ૫ | ૩૦૮૨ | ૪૫૧ | ૧૪.૬૩ |
| ૫ | ૪ | ૩૦૭૯ | ૪૨૮ | ૧૩.૯૦ |
| ૬ | ૧ | ૩૧૦૧ | ૩૮૯ | ૧૨.૫૪ |
| ૭ | ૬ | ૪૧૦૩ | ૩૯૮ | ૯.૭૦ |
| **કુલ** | | **૨૫૬૬૮** | **૫૯૭૨** | |

૧૯. નગરપાલિકાના વોર્ડોમાંની પછાતવર્ગની વસ્તીની ટકાવારી ધ્યાને લેતા નીચેની મુજબની વિગતે પછાતવર્ગ બેઠક ફાળવણી કરવાની થાય છે.

| અ.નં. | ખાસ ક્રમાંક | વોર્ડ નં. | ફાળવેલ બેઠક |
|---|---|---|---|
| ૧ | ૧ | ૩ | પછાતવર્ગ |
| ૨ | ૨ | ૭ | પછાતવર્ગ સ્ત્રી |
| ૩ | ૩ | ૨ | પછાતવર્ગ |

| અ.નં. | ખાસ ક્રમાંક | વોર્ડ નં. | ફાળવેલ બેઠક |
|---|---|---|---|
| ૪ | ૪ | ૫ | પછાતવર્ગ સ્ત્રી |
| ૫ | ૫ | ૪ | પછાતવર્ગ |
| ૬ | ૬ | ૧ | પછાતવર્ગ સ્ત્રી |
| ૭ | ૭ | ૬ | પછાતવર્ગ |
| ૮ | ૧ | ૩ | પછાતવર્ગ સ્ત્રી |

૨૦. ઉપર મુજબ અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિનઅનામત તરીકે ફાળવવાની થાય છે.

૨૧. સમગ્રત: તમામ પાસાંઓનો અભ્યાસ કરીને આ હુકમ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે સામેલ અનુસૂચિ- ૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સદર મુસદ્દા આદેશ તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, છઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, કચ્છને ઉક્ત સમય માર્યાદામાં આપવાની રહેશે. મુદત પુરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ નખત્રાણા નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**આર. જી. ગોહિલ,**

સચિવ.

## અનુસૂચિ-૧

## નખત્રાણા નગરપાલિકા, જિલ્લો-કચ્છ

**વોર્ડ નં. ૧** **નખત્રાણા નગરપાલિકા**

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૧૫૬ | ૨૨ | ૦ | ૩૧૦૧ | ૧ થી ૧૫૧ | સુથાર ફળિયું, મેઈન બજાર , જોષી ફળીયું, ઠાકર મંદિર વિસ્તાર, દરિયાસ્થાન શેરી, વાણીયાશેરી |
| | ૧૫૭ | | | | ૧ થી ૨૨૦ | પોસ્ટ ઓફિસ બાજૂનો વિસ્તાર, પી ડબલ્યુ ડી ક્વાટર, ઓમકારનગર, ઉમિયા નગર, જે.પી હોટલ પાછળ |
| | ૧૫૮ | | | | ૧ થી ૨૨૮ | મહાદેવ નગર, જે.પી. હોટલની બાજુમાં, રામાણી નગર, પારસ નગર, રામદાસ નગર,રામેશ્વર, રાજનગર |
| કુલ | | ૨૨ | ૦ | ૩૧૦૧ | | |

વોર્ડ નં.૧ની હદનું વર્ણન:- મોજે. નખત્રાણાના વાયવ્ય ખૂણાથી શરૂ કરી ઉત્તર તરફ જતાં સર્વે નં.૪૨૪ થી સર્વે નં.૪૨૫, ૪૫૦/૭૮, ૬૧/૧, ૬૨/૨, ૬૨/૧, ૬૨, ૬૧/૪, ૬૧/૩, ૬૧/૨, ૫૯, ૫૧, ૫૦, ૪૫, થી પૂર્વ તરફ જતાં સર્વે નં.૬૪, ૬૫/૧, ૬૫/૨, ૬૬/૧, ૬૬/૨, ૬૭, ૬૮, સરકારી ખુલ્લી જમીનથી સર્વે નં.૭૬, ૭૭, ૭૯, ૮૦ થી ૮૧, ૮૨/૨, ૮૪, ૮૩ થી ૮૬/૧, ૮૭/૧ થી ૮૮ સારંગસર તળાવની હદે હદે જતાં સર્વે નં.૨૨, ૨૨/૧, ૨૨/૨, ૨૨/૩, ૨૪ થી પૂર્વ-દક્ષિણના અગ્નિ ખૂણા તરફના સર્વે નં.૧૬, ૧૫/૩, ૯૧/૧, ૯૦, ૯૧/૨, ૧૫/૧, ૧૪/૧, ૧૪/૨, થી ૧૭/૨, ૧૮/૧, ૧૮/૨, ૧૮/૩, ૧૮/૪ થી ૨૫ ધોળુ તળાવથી દક્ષિણ તરફના સર્વે નં.૯/૨, ૯/૧, ૮, ૧૦, ૫, ૪, ૨/૨, ૨/૧, ૧/૧, ૧/૨, ૧/૩, થી ૬/૩, ૬/૨, ૬/૧, ૭, ૯/૫, ૪૫૦ થી વોર્ડના નૈઋત્ય ખૂણા તરફ જતાં સર્વે નં.૨૬, ૨૭/૧, ૨૭/૨, થી ૨૮, ૨૯/૨, ૨૯/૧, ૩૦, ૪૫૦/૩૦/a, ૪૫૦/૨૪ થી ૪૦/૨, ૪૦/૧, ૪૧/૨, ૪૧/૧, ૪૨/૧, ૪૨/૨, થી વોર્ડની હદે હદે નૈઋત્ય ખૂણેથી પશ્ચિમ તરફ જતાં સર્વે નં.૪૭, ૪૮/૨, ૪૮/૧ થી સર્વે નં.૪૨૪ વાયવ્ય ખૂણા સૂધીમાં અંદર સમાવિષ્ટ થતાં તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૨** **નખત્રાણા નગરપાલિકા**

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨ | વિરાણી નાનીનો સમગ્ર વિસ્તાર | ૩૬૭ | ૨૫ | ૪૧૭૭ | ૧ થી ૯૦ | વિરાણી નાનીનો સમગ્ર વિસ્તાર |
| | | | | | ૯૧ થી ૬૪૩ | |
| | | | | | ૦ થી ૨૯૨ | |
| | સુખપર (વિરાણી) | | | | ૪૪ થી ૧૪૨ | સુખપર (વિરાણી)નો સમગ્ર વિસ્તાર |
| | | | | | ૧૪૩ થી ૨૧ | |
| | | | | | ૨૨ થી ૨૩૬ | |
| | વિરાણી મોટી | | | | ૦ થી ૯૩ | વિરાણી મોટીનો સમગ્ર વિસ્તાર |
| | | | | | ૯૪ થી ૨૬૭ | |
| | | | | | ૨૭૪ થી ૨૬૭ | |
| | | | | | ૦ થી ૨૯૦ | |
| **કુલ** | | **૩૬૭** | **૨૫** | **૪૧૭૭** | | |

વોર્ડ નં.૨ની હદનું વર્ણન:- મોજે. નખત્રાણાના વાયવ્ય ખૂણાથી શરૂ કરી ઉત્તર તરફ જતાં નાની વિરાણીના સર્વે નં. ૬૯/૮, ૬૯/૯ થી સરકારી સર્વે નં. ૭૦/B, ૨૭૨/૯, ૨૬૬, ૨૮, ૨૯, થી ઉત્તર-પૂર્વના ઈશાન ખૂણા તરફ સર્વે નં. ૯, ૧૦/૨, ૧૩, ૫૭/૨૩, ૫૭/૩૫, ૫૭/૨૫, ૫૭/૨૮, થી પૂર્વ તરફ ના સર્વે નં. ૫૭/૨૯, ૫૭/૩૦ થી ૧૭, ૧૮/૨, ૧૯, ૨૨, ૨૪, ૨૫/૨, ૨૫/૩, થી ૨૬, પૂર્વ દક્ષિણ તરફ જતાં સર્વે નં. ૪૧, ૪૨, ૪૩ થી ૪૪/૧, ૫૧, થી ૫૫/૧, ૬૭/૧, ૬૭/૨, ૬૬/૨, ૬૮/૨, ૭૨, ૭૩, ગામતળનો ભાગ ૨૩૨, ૨૩૧, ૨૩૦/૧, ૨૨૯, ૧૯૮, ૧૯૬, ૯૧, ૯૦/૨, ૧૦૫/૩, ૧૦૩, ૧૦૨/૧, ૧૦૨/૨, ૨૭૨/૮, ૧૬૫, ૧૫૯/૧ થી દક્ષિણ તરફ જતાં તરફ જતાં સર્વે નં. ૧૫૯/૨ થી ૧૬૦, ૧૬૧/૨, ૧૬૬/૩, ૧૬૮, ૧૬૯/૫, ૧૬૯/૩, ૧૭૦, સરકારી ખુલ્લી જમીનથી સર્વે નં.૨૭૨/૮ થી ૧૭૬, ૧૭૭, ૧૭૮/, ૨ થી વોર્ડની હદે હદે દક્ષિણ પશ્ચિમ વોર્ડની નૈઋત્ય ખૂણા તરફ જતાં સર્વે નં. ૧૮૦/૩, ૧૮૦/૪, ૧૮૦/૧, ૧૮૧ થી ૨૭૨/a/૨ થી વોર્ડની હદે હદે નૈઋત્ય ખૂણેથી પશ્ચિમ તરફ જતાં સર્વે નં. નાની વિરાણીના ૫૬/૩, ૫૦/૨, ૫૦/૧, ૫૭/૨, ૫૧/૪, ૫૩/૧, ૫૨, ૪૯/૩, ૪૯/૨, ૪૯/૧, ૪૮/૨, ૪૭/૪, ૪૭/૨, ૬૫, ૨૧૭, ૬૬, ૫૭/૧, ૩૯/૩, ૧૫, ૪૨, ૪૦/૧, ૪૦/૨, ૩૮/૧, ૩૯, ૩૩/૧, ૩૫, ૩૪, ૩૩/૨, ૩૩/૧, ૩૨/૧, ૩૨/૨, ૩૧/૧, ૩૦, ૨૭, ૨૬, ૨૫, ૨૩/૧, ૧૯, ૨૦/૨, ૨૦/૧, ૨૧, ૨૨ થી ૬૯/૮ સુધીમાં અંદર સમાવિષ્ટ થતાં તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૩** **નખત્રાણા નગરપાલિકા**

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૩ | વિરાણી મોટી-૨ | ૧૨૨૮ | ૧૭ | ૪૦૮૯ | ૧ થી ૪૩ | ખત્રી વાસ, જૂની બજાર વિરાણી મોટી-૨ |
| | | | | | ૪૪ થી ૩૦૭ | અનુસૂચિત વાસ, જૂના શંકર મંદિર પાસે, વિરાણી મોટી-૨ |
| | | | | | ૪૪૦ થી ૪૪૦ | ખત્રી વાસ, જૂની બજાર વિરાણી મોટી-૨ |
| | | | | | ૪૪૧ થી ૪૫૭ | અનુસૂચિત વાસ, જૂના શંકર મંદિર પાસે, વિરાણી મોટી-૨ |
| | ૧૭૧ | | | | ૧ થી ૧૭૫ | સુરલભીટ સુરા બાપા ડુંગરની પશ્ચિમનો વિસ્તાર, શીવ શક્તિ સોસાયટી |
| | ૧૭૨ | | | | ૧ થી ૧૭૪ | સુરલભીટ સુરા બાપા ડુંગરની પૂર્વ બાજુ પાણી પૂરવઠા, જી.ઇ.બી કોલોની સામે તથા બાજુમાં |
| | ૧૭૪ | | | | ૧ થી ૧૦૪ | કૈલાશ નગર, શિવ મંદિરની સામે નવા નગર, પ્રાથમિક શાળાની સામે નવા નગર |
| | ૧૭૫ | | | | ૧ થી ૧૩૫ | નવા નગર, સથવારા વાસની પશ્ચિમ નવા નગર |
| **કુલ** | | **૧૨૨૮** | **૧૭** | **૪૦૮૯** | | |

વોર્ડ નં.૩ની હદનું વર્ણન :- ઉત્તર પશ્ચિમના વાયવ્ય ખૂણેથી સર્વે નં. ૪૫૫/૬, મોટી વિરાણની હદે હદે જતાં ઉત્તર તરફના રે.સર્વે નં. ૧૫૮, ૧૫૭, ૧૫૬, ૧૪૮/૨, ૧૪૮/૧, ૧૫૫, ૧૫૪/૨, ૧૫૩/૧, ૧૫૨/૨, ૧૫૨/૧, ૧૫૨, ૧૫૨/૩, ૧૦૫/૧, ૧૦૫/૨, ૮૯/૧, ૯૦/૧, ૮૬, ૮૫, ૮૪, ૮૨/૨, ૮૨/૧, ૮૧, ૮૦/૨, ૮૦/૧, ૭૪/૧, ૭૪/૨, ૭૪, ૭૬, ૭૭ થી સરકારી જમીનથી સર્વે નં. ૧૦૯/૧, ૧૦૯/૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫/૧, ૧૨૫/૨, ૧૨૭/૧, ૧૨૮, ૧૩૦, ૧૩૧, ૧૪૦, ૧૪૧ થી ૧૮૧, ૧૮૨, ૧૮૩/૧, ૧૮૩/૨, ૧૮૪ થી સરકારી જમીનના સર્વે નં. ૪૫૦/૫૧ ઉત્તર-પૂર્વ તરફના ઈશાન ખૂણા બાજુના સર્વે નં. ૧૮૬/૧, ૧૮૬/૨, ૧૮૭, ૧૮૮, ૧૮૯/૧, ૧૮૯/૨, ૧૮૯/૩ થી પૂર્વ તરફ ના સર્વે નં. ૧૯૧, ૧૯૮/૧ થી ૨૧૧, ૨૧૨ થી દક્ષિણ પૂર્વના અગ્નિ ખૂણે જતાં સર્વે નં. ૨૧૩/૫, ૨૧૬/૧, ૨૧૬/૨, ૨૧૭/૨, ૨૨૦, ૨૨૧, ૨૨૨ થી ૨૨૫, ૨૨૬, ૨૨૭, ૨૨૮, ૨૨૯ થી ગામતળ દક્ષિણ તરફના સર્વે નં. ૨૫૧, ૪૫૦/૪૦/a, ૪૫૦/૩૯/a પાસે નવું સરકીટ હાઉસથી આશાપુરા મંદિર દક્ષિણ-પશ્ચિમ નૈઋત્ય ખૂણા તરફ જતાં દેવ આશિષ હોસ્પિટલ તરફ જતાં સર્વે નં.૨૮૬, ૨૮૮, ૨૮૯/૧, ૨૮૯/૨ થી ૨૯૦/૧ થી પશ્ચિમ-ઉત્તરના વાયવ્ય ખૂણા તરફના સર્વે નં. ૨૯૬, ૨૭૦/૩, ૨૭૦/૨, ૨૦૦/૧, ૨૦૦/૨, થી ૪૫૫/૬ સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૪** **નખત્રાણા નગરપાલિકા**

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા વસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૪ | ૧૬૬ | ૧૦૬ | ૩૬ | ૩૦૭૯ | ૧ થી ૧૬૯ | ટોકીઝ રોડ, ફોરેસ્ટ ઓફિસ ની બાજુમાં બસ સ્ટેશનની સામે રંજના લોજ, બેન્ક ઓફ બરોડા પાછળ દેવકી નગર, |

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા વસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | ૧૬૭ | | | | ૧ થી ૩૧૩ | નવાવાસ પશુ દવાખાનાની પાછળ, ડો. મનસુખ શેરી, કુકમાંની લાઇન, ઉમિયા નગર, સુરાણી પ્લોટ |
| | ૧૬૮ | | | | ૧ થી ૨૩૭ | ઉમિયાનગર, સુરાણી પ્લોટ, નવાવાસ પાછળ સરકારી વસાહત, મહાવીર નગર, નવા વાસ |
| | ૧૬૯ | | | | ૧ થી ૩૩૦ | મહાવીર નગર, નવાવાસ, બસ સ્ટેશન પૂર્વ તરફ |
| | ૧૭૦ | | | | ૧ થી ૨૧૫ | નવાવાસ, બસ સ્ટેશન પૂર્વ તરફ |
| કુલ | | ૧૦૬ | ૩૬ | ૩૦૭૯ | | |

વોર્ડ નં. ૪ની હદનું વર્ણન:- ઉત્તર પશ્ચિમના વાયવ્ય ખૂણેથી સર્વે નં. ૧૪૪, ૧૪૫, ૧૪૩/૧, હદે હદે જતાં ઉત્તર તરફના રે.સ. ૧૪૦, ૧૩૯, ૧૩૭/૧, ૧૩૬ થી ઉત્તર-પૂર્વ તરફના ઈશાન ખૂણા બાજુના સર્વે નં. ૧૩૭/૧, ૧૩૭/૨, પૂર્વ ૪૫૦/૩૨, ૧૬૬/૧, ૧૬૭, ૧૬૮, ૧૬૯ થી દક્ષિણ પૂર્વના અગ્નિ ખૂણે જતાં સર્વે નં. ૪૫૫/૬, ૪૫૦/૨૬, ૧૬૩/૧, ૧૬૨, ૧૫૨ થી ૨૯૭/૩, ૨૯૭/૧, ૨૯૯/૨, ૨૯૯/૧ થી ૩૦૦/૧, ૩૦૩/૧ થી દક્ષિણ તરફના સર્વે નં. ૧૨૧/૪/A, ૧૧૯/A, તેમજ નવા વાસ તરફ જતાં બસ સ્ટેશન નજીક ૐ કારેશ્વર મહાદેવ મંદિર તથા મહાવીર નગરના દક્ષિણ-પશ્ચિમના નૈઋત્ય ખૂણા તરફ જતાં સર્વે નં. ૧૧૫/૩, ૧૧૫/૨, ૧૧૫/૧, ૩૩૦/૧, ૩૨૯/૧, ૩૨૮, ઉત્તર પશ્ચિમ વાયવ્ય ખૂણા તરફ જતાં સર્વે નં. ૧૨૭, ૩૨૬, ૩૨૫, ૩૨૪, થી ૩૦૯/૨ થી ૧૪૪ સુધીમા અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૫** **નખત્રાણા નગરપાલિકા**

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા. વસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | ૧૫૯ | | | | ૧ થી ૨૨૨ | મણીનગર વિસ્તાર, મુસ્લિમવાસ, મેઈન બજારની બાજુમાં, આંબેડકર કોલોની, રૈયાણીનગર, આનંદ નગર |
| ૫ | ૧૬૦ | ૪૨૩ | ૫ | ૩૦૮૨ | ૧ થી ૨૪૫ | રૈયાણીનગર, આનંદનગર, ફ્રેન્ડસ રેસ્ટોરન્ટની પાછળ શક્તિનગર, ગાયત્રીનગર, મણીનગરની સામે, દરિયાસ્થાન જૂનાવાસ ચક્કિવાળી |
| | ૧૬૧ | | | | ૧ થી ૩૭૯ | દરિયાસ્થાન જૂનાવાસ ચક્કિવાળી શેરી, લિમ્બાણી ફળિયું, રાજાણી ફળિયું, નાના નખત્રાણા રોડ |
| કુલ | | ૪૨૩ | ૫ | ૩૦૮૨ | | |

વોર્ડ નં.૫ની હદનું વર્ણન :- ઉત્તર પશ્ચિમના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ જતા રે. સર્વે નં. ૯૬/૧, ૯૨/૩, ૯૨/૨, ૮૯ થી ૧૩૪/૧, ૧૩૪/૨, ૧૩૪/૩ થી અર્ચના ઈંગ્લિશ સ્કુલ થી ઉત્તર-પૂર્વના ઈશાન ખૂણેથી સર્વે નં. ૧૩૫/૨, ૧૩૫/૧ પૂર્વ તરફ ના સર્વે ન. ૪૫૫/૬, ૧૪૧, ૧૪૨/૧ થી દક્ષિણ-પૂર્વ અગ્નિ ખૂણા તરફ સર્વે નં. ૧૨૮/૨, ૧૨૮/૪, ૧૨૮/૩, ૧૨૪/૪, ૧૨૪/૩, ૧૨૪/૧, થી ૧૨૩/૨, ૧૨૩/૧, દક્ષિણ તરફના સર્વે નં. ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪, બસ સ્ટેશનથી કન્યા હાઈસ્કુલથી દક્ષિણ-પશ્ચિમ નૈઋત્ય ખૂણે સર્વે નં. ૧૦૯/૫, ૧૦૯/૩, ૧૦૯/૨, ૧૦૯/૧, થી ૧૦૬, ૧૦૫, ૧૦૩, ૧૦૨, ૯૮/૨, ૧૩/૧, થી પશ્ચિમ તરફના સર્વે નં. ૧૧, ૧૨, ૧૩/૨ થી ઉત્તર-પશ્ચિમ વાયવ્ય ખૂણા તરફના સર્વે નં. ૯૭/૧, ૯૭/૨ થી ૯૬/૧ સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૬** **નખત્રાણા નગરપાલિકા**

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જા વસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૬ | ૧૬૨ | ૧૬૮ | ૨૫ | ૪૧૦૩ | ૧ થી ૪૧૮ | આઝાદ ચોક, મેઈન બજાર, ટાઈગર નગર, સરદાર નગર, જાડાય રોડ, ટીચર્સ કોલોની જૂની પોલીસ ચોકી પાસે |
| | ૧૬૩ | | | | ૧ થી ૨૫૬ | જૂની પોલીસ ચોકી પાસે, દેવકીનગર, આઝાદચોક, મેઈન બજારનો પાછળનો ભાગ |
| | ૧૬૪ | | | | ૧ થી ૩૪૦ | લીમ્બાણી નગર, દેવકીનગરનો સામેનો ભાગ, બેરુ રોડ કોલીવાસ બેરુ રોડ પોલીસ લાઇન ની બાજુમાં |
| | ૧૭૩ | | | | ૧ થી ૧૯૪ | પોલીસ લાઇન બેરું રોડ, રાઠોડ નિવાસ, જી. ઇ. બી પાછળ, લુહાર વાસ, એસ. ટી. વર્ક શોપ પાછળ |
| **કુલ** | | **૧૬૮** | **૨૫** | **૪૧૦૩** | | |

વોર્ડ નં.૬ની હદનું વર્ણન :- ઉત્તર પશ્ચિમના વાયવ્ય ખૂણે થી સર્વે નં. ૪૦૩,૪૦૪,ની હદે હદે જતાં ઉત્તર તરફના રે.સર્વે નં. ૪૫૦/૩૮ થી ૪૫૦/૫૬, ૪૨૩ થી ૪૨૨, ઉત્તર-પૂર્વ તરફના ઈશાન ખૂણા બાજુના સર્વે નં. ૪૨૧, ૪૨૭/૧, ૪૨૭/૨, ૪૧૯/૨, ૪૨૮/૪, ૪૨૮/૩, ૪૦/૧/P, ૪૦/૨/P થી પૂર્વ ૪૨૯, ૨૯/૧/p, ૨૯/૨/p થી ૪૩૨ પૂર્વ તરફના સર્વે નં. ૪૪૦/૧/B થી ૪૪૪ થી પોસ્ટ સબ ડિવિઝન, ગામતળ પાસેથી સર્વે નં. ૩૫૧, ૩૫૦, ૩૪૯/૧, દક્ષિણ પૂર્વના અગ્નિ ખૂણે જતાં સર્વે નં. ૩૪૮/૧, ૩૪૮/૨, ૩૪૭/૧, ક્રિકેટ ગ્રાઉંડ ૧૨૧/૨, પોલીસ સ્ટેશનથી એસટી વર્ક શોપ થી ૪૫૦/૨/બી, ૪૫૦/૨/એ, ૪૫૦ થી ૩૪૫/૧૪, ૩૪૫/૧૯, ઉમા વિધ્યાલય, ૩૫૮, ૩૫૬/૨, ૩૫૬/૧, ૩૬૪, ૩૬૩, ૩૬૬/૧, ૩૬૬/૬, ૩૬૬/૨, ૩૬૬/૩ થી દક્ષિણ પશ્ચિમના નૈઋત્ય ખૂણા તરફ ૩૭૨/૧, ૩૭૨/૨, ૩૭૩/૨, ૩૭૭, ૩૭૬/૧, ૩૭૮/૧, ૩૭૮/૨, ૧૨૯/૧, ૧૨૮/૧, ૧૨૯/૨, ૧૨૯/૩, ૩૮૧, ૩૮૨/૨, ૩૮૩/૧, ૩૮૬/૩, ૩૯૦/૪, ૩૯૦/૩, ૩૯૦/૨, ૩૯૦/૧, ૩૯૧/૨, ૩૯૧/૧, ૩૮૯/૨, ૩૮૯/૧, ૩૮૭, ૩૮૬/૧ થી ૩૯૨/૧, ૩૯૪/૧, ૩૯૪/૨, ૩૯૬, ૩૯૭, ૪૫૦/૪૨, ૪૫૦/૪૮, ૪૫૦/૪૭, ૪૫૦/૪૧ થી ઉત્તર પશ્ચિમ વાયવ્ય ખૂણા તરફ જતાં સર્વે નં. ૩૯૯ થી ૪૦૩ સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**વોર્ડ નં. ૭** **નખત્રાણા નગરપાલિકા**

| સૂચિત વોર્ડ નંબર | ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સેન્સસના બ્લોક નંબરની વિગત | | | | સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત | બ્લોકના વિસ્તારની વિગત |
| | બ્લોક નંબર | અ.જા. વસ્તી | અ.જ.જાવસ્તી | કુલ વસ્તી | ઘર નંબરથી ઘર નંબર સુધી | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૭ | ૧૬૫ | ૧૫૧૨ | ૧૦૨ | ૪૦૩૭ | ૧ થી ૨૭૧ | રામદેવ નગર, એસ.એસ.બી, બેરુ રોડ, રામનગરી, બેરું રોડ કૈલાશ નગર, વેદ મંદિર વિસ્તાર |
| | નાના નખત્રાણા | | | | ૧ થી ૧૯૯ | ભારાણી ફળિયું, અનુસૂચિત વાસ, કાનાણી ફળિયું |
| | નાના નખત્રાણા | | | | ૧ થી ૧૫૨ | સિણાઈ ફળિયું, કાનાણી ફળિયાની પશ્ચિમે, ગંગાણી ફળિયું શંકર મંદિર પાસે, |

<table>
<tr><th rowspan="3">સૂચિત વોર્ડ નંબર</th><th colspan="6">ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન</th></tr>
<tr><th colspan="4">સેન્સસના બ્લોક નંબરની વિગત</th><th>સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત</th><th rowspan="2">બ્લોકના વિસ્તારની વિગત</th></tr>
<tr><th>બ્લોક નંબર</th><th>અ.જા. વસ્તી</th><th>અ.જ.જાવસ્તી</th><th>કુલ વસ્તી</th><th>ઘર નંબરથી ઘર નંબર સુધી</th></tr>
<tr><td>૧</td><td>૨</td><td>૩</td><td>૪</td><td>૫</td><td>૬</td><td>૭</td></tr>
<tr><td></td><td>નાના નખત્રાણા</td><td></td><td></td><td></td><td>૧ થી ૨૨૯</td><td>જગાણી ફળિયું, વિરામાણી ફળિયું, મોરા વાસ, બજરંગ નગર, વાડી વિસ્તાર</td></tr>
<tr><td></td><td>૨૦૬ બેરુ</td><td></td><td></td><td></td><td>૧ થી ૧૩૦</td><td>રબારી વાસ, મુખી રોડ પર, ગણેશ નગર નાના નખત્રાણા થી પશ્ચિમે ઉત્તરમાં</td></tr>
<tr><td></td><td>૨૦૭ બેરુ</td><td></td><td></td><td></td><td>૧ થી ૧૨૦</td><td>અનુસૂચિત વાસ, રબારી વાસ, કોળી વાસ</td></tr>
<tr><td colspan="2">કુલ</td><td>૧૫૧૨</td><td>૧૦૨</td><td>૪૦૩૭</td><td></td><td></td></tr>
</table>

વોર્ડ નં.૭ની હદનું વર્ણન :- ઉત્તર પશ્ચિમના વાયવ્ય ખૂણેથી નાના નખત્રાણા સર્વે નં. ગૌચર ૧૨૨, ૯૫, ૯૬/૨, ૯૬/૧, ૯૭/૧ની હદે હદે જતાં ઉત્તર તરફના રે.સ. ૧૦૧/૨, ૧૦૧/૧, ૧૦૪, ૧૦૫, ૧૦૬/૨, ૧૦૬/૧, ૧૦૬/૩, ૧૦૮/૨, ૧૦૮/૧, ૧૧૦, ૧૧૧/૧, ૧૧૨, ૧૧૩, ૧૧૭/૧, ૧૨૧/૨, ૧૨૧/૧, ૧૨૨, ૧૨૩, ૧૨૭/૧, ૧૨૭/૨, ૧૨૭/૩, ૧૨૭/૪ની હદે હદે ઉત્તર-પૂર્વ તરફના ઈશાન ખૂણા બાજુના સર્વે નં. ૧૨૮/૩, ૧૨૮/૨, ૧૮, ૧૩૧/૩, ૧૩૧/૨, ૧૩૧/૧, ૧૯/૧, ૨૧/૧, ૨૫, ૨૪/૨, ૨૬, ૨૭, ૩૬૨/૧, ૩૬૨/૨, ૩૬૦/૧, ૩૫૯/૨, ૩૫૯/૨, ૩૫૯/૧, ૩૬૦/૨ ની હદે હદે પૂર્વ તરફના સર્વે નં. ૩૪૨/૨, ૩૪૧/૧, ૩૩૪/૧, ૪૫૮/૬૪, ૪૫૦/૬૩, ૪૫૦/૬૨ આઈ. ટી. આઈ.ની હદે હદે જતાં રે.સર્વે નં. ૪૫૦/૫૨, ૩૩૨/૩, ૩૩૨/૧, ૩૩૩/૧, ૩૯/૨, ની હદે હદે પૂર્વ થી દક્ષિણ તરફ બેરુંના સર્વે નં. ૮૫a/૪૦, ૬/૧, ૭/૬, ૭/૭, ૧૬, દક્ષિણ તરફ જતાં સર્વે નં. ૧૭, ૧૮/૧, ૧૮/૨, ૧૯, ૨૧/૪, ૮૫/A, થી ૩૬, ૩૮ થી દક્ષિણ પશ્ચિમના નૈઋત્ય ખૂણા તરફ જતાં સર્વે નં. ૫૦, ૮૫a/૩૦, ૫૮/૨, ૫૯/૧, ૬૦, ૧૨૬, ૧૨૫, ૧૨૩, ૧૨૪, ૧૨૨, ૧૨૦, ૬૨, ૬૭, ૬૧/૧, ૬૯ થી પશ્ચિમ વાયવ્ય ખૂણા તરફ જતાં નાના નખત્રાણાનો સીમાડા સર્વે નં. ૧૪૧ થી ૧૨૨ સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**આર. જી. ગોહિલ,**

સચિવ.

**અનુસૂચિ-૨**

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-નખત્રાણા-યુનિટ-૭-૨૦૨૬, તા.૦૭/૦૧/૨૦૨૬નું સાંધણ**

<table>
<tr><td>નખત્રાણા નગરપાલિકાની સને-૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કુલ વસતિ</td><td colspan="2">૨૫૬૬૮</td></tr>
<tr><td>કુલ વોર્ડની સંખ્યા</td><td colspan="2">૭</td></tr>
<tr><td rowspan="2">વોર્ડ દીઠ સરેરાશ વસતિ</td><td rowspan="2">૩૬૬૭</td><td>સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ : ૪૦૩૪</td></tr>
<tr><td>સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ : ૩૩૦૦</td></tr>
<tr><td>બેઠકોની સંખ્યા</td><td colspan="2">૨૮</td></tr>
<tr><td>કુલ સ્ત્રી બેઠકો</td><td>૧૪</td><td>(અ.જાતિ અને પછાતવર્ગની સ્ત્રી માટે બેઠકો સહિત)</td></tr>
<tr><td>અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા</td><td>૪</td><td>તે પૈકી ૨ અનુસૂચિત જાતિ સ્ત્રી</td></tr>
<tr><td>અનુ. આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા</td><td>૦</td><td>-</td></tr>
<tr><td>પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા</td><td>૮</td><td>તે પૈકી ૪ બેઠકો પછાતવર્ગ સ્ત્રી</td></tr>
<tr><td>કુલ અનામત બેઠકો</td><td colspan="2">૨૦</td></tr>
<tr><td>સામાન્ય બેઠકો</td><td colspan="2">૮</td></tr>
</table>

| અ.નં | વોર્ડ નંબર | વોર્ડની વસ્તી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી  અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૩૧૦૧ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૨ | ૨ | ૪૧૭૭ | અનુસૂચિત જાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૩ | ૩ | ૪૦૮૯ | અનુસૂચિત જાતિ | પછાતવર્ગ | પછાતવર્ગ | સામાન્ય |
| ૪ | ૪ | ૩૦૭૯ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૫ | ૫ | ૩૦૮૨ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૬ | ૬ | ૪૧૦૩ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૭ | ૭ | ૪૦૩૭ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| | **કુલ** | **૨૫૬૬૮** | | | | |

**આર. જી. ગોહિલ,**

સચિવ.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.12 08:19:53 IST